# મોડાસાના હફસાબાદ-છાપરા ગામે મધ્યાહ્ન ભોજન સંચાલકની નિમણુંકના વિરોધમાં શિક્ષણનો બહિષ્કાર





## નગરજનો ત્રણ દિવસથી બાળકોને શાળાએ ન મોકલતા શિક્ષણતંત્રની દોડધામ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના હફસાબાદ-છાપરા ગામના ગામલોકોએ ગામની પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન સંચાલકની નિમણુંક ગામના જ પ્રતિનિધિને બદલે બાજુના હફસાબાદ ગામની મહિલાની પસંદગી થતાં ગ્રામજનોમાં નારાજગીને લઈને મધ્યાહન ભોજન સંચાલક તરીકે ગામના જ વ્યક્તિની નીમણુંક કરવાના મુદ્દે ગામના ૯૭ બાળકોને છેલ્લા ત્રણ દિવસથી શાળાએ અભ્યાસ માટે ન મોકલતા આ ઘટનાથી સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. જિલ્લા શિક્ષણ વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા ગામલોકોને સમજાવવા પ્રયત્નો હાથ ધર્યા છતાંય ગ્રામજનો ટસના મસ ન થતા સતત ત્રણ દિવસથી બાળકોને શિક્ષણથી વંચિત રહેવાનો વારો આવ્યો છે.

મોડાસા તાલુકાના સાયરા ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ હફસાબાદ-છાપરા ગામમાં ૧૧૫ ક્ષત્રિય સમાજના કુટુંબ વસવાટ કરી રહ્યા છે. રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ગામમાં બનાવેલી પ્રાથમિક શાળામાં ચાલતા મધ્યાહન ભોજનના સંચાલકની નિમણુંકના મુદ્દે વિરોધના સૂર પેદા થતા ગામલોકોએ શાળા શિક્ષણનો બહિષ્કાર કરી પોતાના બાળકોને શાળામાં અભ્યાસ માટે ન મોકલતા શાળાકીય શિક્ષણ ઠપ્પ થઈ ગયું હતું. જે અંગે પડઘા તાલુકા કક્ષાએ અને જિલ્લાકક્ષાએ પડતા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા શુક્રવાર સાંજના ગામલોકોની મુલાકાત કરી ગ્રામજનોને સમજાવી ૯૭ બાળકોનો અભ્યાસ પર ખરાબ અસર ન પડે તે માટે સમજાવ હાથ ધરી હતી. છતાંયે ગ્રામજનો ટસના મસ ન થતા શનિવારે પણ બાળકોને શાળાએ ન મોકલતા છેલ્લા ત્રણ દિવસથી શિક્ષણકાર્ય અટકી પડવાની સાથે શાળામાં ફરજ બજાવતા શિક્ષકો નવરાધૂપ બેસી રહેવાનો વારો આવ્યો હતો. ગામલોકોના જણાવ્યા મુજબ જ્યાં સુધી હફસાબાદ-છાપરાની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન સંચાલક તરીકે ગામના જ વ્યક્તિની નિમણુંક નહિ થાય ત્યાં સુધી બાળકોને શાળામાં નહિ મોકલવા માટે મક્કમ હોવાનો એડી સાથે સૂર વ્યક્ત કર્યો હતો.




## અરવલ્લી જિલ્લામાં દલિત સમાજ દ્વારા અપાઈ શ્રદ્ધાંજલિ

તેલંગાણાની હેદ્રાબાદ પીએચડી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી રોહિતભાઈ ભેમુલાનો આત્મહત્યાનો પડઘો આજે સમગ્ર દેશમાં પડ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલ દલિત સમાજ દ્વારા મોડાસા ચાર રસ્તા ટાઉનહોલ પાસે આજરોજ મીણબત્તી સળગાવી સમગ્ર દલિત સમાજના વ્યક્તિઓએ આ વિદ્યાર્થીને તેની આત્માને શાંતિ મળે તેવી પ્રભુને પ્રાર્થના કરી હતી અને વધુમાં કહ્યું હતું કે જાતિવાદથી કંટાળીને શારીરિક, માનસિક ત્રાસથી કંટાળીને આ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. તેને ભારત, ગુજરાત અને અરવલ્લી જિલ્લાનો દલિતોએ તેની ટીકા કરી તેને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી.

## ધાનેરાનો સોની વેપારી સીધપુર પાસે લુંટાયો

બનાસકાંઠા જિલ્લાના ધાનેરાનો સોની મુકેશભાઈ નામનો વેપારી વડોદારથી ધાનેરા બસમાં આવી રહ્યો હતો તે સમયે કોઈ અજાણ્યા ઈસમોએ આ વેપારીને કૈક ખવડાવતા આ વેપારી બેહોશ થઈ ગયો હતો ત્યારબાદ અજાણ્યા ઈસમો દ્વારા વેપારી પાસે રહેલા ૨૦ હજાર રૂપિયા, ત્રણ સોનાની વીંટી તેમજ ગળામાંથી સોનાની ચેન લઈ પલાયન થઈ ગયા હતા અને વેપારી બસમાં બેહોશ હાલતમાં ધાનેરા લાવતા વેપારીના પરિવારજનો ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. રેફરલ હોસ્પિટલના ડૉક્ટર મિતેશ ડાભી દ્વારા આ વેપારીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે આગળ રીફર કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમેદગઢ અને દેશોતરમાંથી સાત પશુ ચોરાતા ફરિયાદ

ઈડર તાલુકાના દેશોતર અને ઉમેદગઢ ગામેથી છેલ્લા બે દિવસ દરમિયાન સાત પશુઓની ચોરી થતાં પશુ માલિકોની નિંદ હરામ થઈ ગઈ છે. જે અંગેની ફરિયાદ જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

દેશોતર ગામે રહેતા સોમાજી વીરાજી ઠાકરવાડાના ઘરેથી બુધવારે રાત્રે અજાણ્યા શખ્સો રૂ. ૯૦ હજારની કિંમતની બે ભેંસોની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે સોમાજી ઠાકરડાએ ગુરૂવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઉમેદગઢ ગામમાં રહેતા રાજુભાઈ જોઈતાભાઈ પટેલ અને ડાહ્યાભાઈ કાનાભાઈ સુતરીયાની પાંચ ભેંસો અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા.

### માળીમાં પરિણીતાના ચારિત્ર્ય પર શંકા રાખી ત્રાસ અપાતા ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર તાલુકાના માળી ગામે રહેતા શીલાબેન અતુલકુમાર પટેલ તેમના પતિ અતુલકુમાર પટેલ, જેઠ દિલીપભાઈ ભીખાભાઈ પટેલ તથા હર્ષદભાઈ પટેલ દ્વારા અવારનવાર ચારિત્ર્ય બાબતે વહેમ રાખી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવતી હતી. જેથી કંટાળીને શીલાબેને ગુરૂવારે ત્રણેય જણા વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલના ડોકટર વિરૂધ્ધ એટ્રોસીટીની ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર ખેડબ્રહ્માના વાલ્મીકી વાસમાં રહેતા અમૃતભાઈ બાબુભાઈ મકવાણા જનરલ હોસ્પિટલમાં સફાઈ કામદાર તરીકે કામ કરે છે જેમને જનરલ હોસ્પિટલન ગાયનેક ડોકટર અશ્વિનભાઈ ગઢવી તેના દિકરાને સ્કૂલ લેવા જવાનું અવારનવાર કહેતા હતા. અમૃતભાઈ એકવાર ગાડીનું પાસીંગ કરાવવા હિંમતનગર ગયેલ હોઈ તેથી ડોકટરના દિકરાને લેવા ગયેલ ન હતા જેથી તેની અદાવત રાખી ડૉકટર દ્વારા સફાઈ કર્મચારીને તેની જાતિ વિરૂધ્ધ અપશબ્દો બોલી અવારનવાર ગડદાપાટુનો માર મારી ગાળો બોલતા અમૃતભાઈએ ડોકટર વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધાનેરાના ધાખા પાટિયા પાસે બાઈક જીપ વચ્ચે અકસ્માત : ૩ ઘાયલ

ધાનેરા, તા. ૨૩

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નજીક બાઈક અને ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા ત્રણ લોકો ઘાયલ થયા હતા. તમામ ઘાયલોને સારવાર અર્થે ૧૦૮ દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.



બનાસકાંઠાના ધાનેરા સહીત સમગ્ર જિલ્લામાં અકસ્માતોની વણથંભી વણઝાર જોવા મળી રહી છે ત્યારે આજે સવારે ધાનેરા તાલુકાના ધાખા પાટિયા પાસે બાઈ અને ગાડી વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક સવાર દિપાભાઈ ચોપાભાઈ ઉ.વ. ૪૫, છગનભાઈ જોઈતાભાઈ ઉ.વ. ૫૦ અને તેજાભાઈ ઉકાભાઈ ઉ.વ. ૭૫ તમામ રહે. પોસવાળ તાલુકો દાંતીવાડાવાળાને ગંભીર ઈજા થતા ગાડીનો ચાલક ગાડી મુકી ત્યાંથી નાશી છૂટ્યો હતો. અને ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને કરતા પાયલોટ હરેશભાઈ દવે અને ઈ.એમ.ટી. ભગવાનભાઈ એસ. દેસાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

# મોડાસાની ઘાંચી હાઈસ્કૂલમાં ફૂડ ફેસ્ટિવલ ઉજવાયો

મોડાસા, તા. ૨૩

આમ તો મોડાસા એક શિક્ષણ અને આરોગ્ય નગરી તરીકે તેનું નામ સમગ્ર ઉત્તર ગુજરાત તથા ગુજરાતમાં જાળવી જ રાખેલું છે. ત્યારે લઘુમતી કોમમાં આવેલી ઘાંચી હાઈસ્કૂલમાં ગરીબ વિદ્યાર્થીઓને મફત વિદ્યાદાન આપતી આ શાળામાં ૨૩-૧-૨૦૧૬ ફૂડ ફેસ્ટીવલની ઉજવણી કરવામાં આવી હતી.

મોડાસા શહેરમાં આવેલ મુસ્લિમ વિસ્તારમાં ઘાંચી હાઈસ્કૂલ આશરે ૧૯૯૮-૯૯ વર્ષમાં ૧૮ વર્ષ પહેલા તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ શાળાની અને પ્રમુખોની કમનસીબીએ આ શાળાનો વિકાસ થઈ શક્યો ન હતો. પરંતુ ૨૨-૯-૨૦૧૫થી નવા પ્રમુખ તરીકે સિકંદર સુથાર (રાજાબાબુ)ની વરણી થતા તેમને મોડાસા શહેર વાસીઓ અને સમાજના લોકો પાસેથી આશરે ૧૫ થી ૨૦ લાખ જેટલી દાનની રકમ એકઠી કરી શાળાના વિકાસમાં સિંહ ફાળો કર્યો હતો. ત્યારે તેમના વહીવટ દરમિયાન એક નિર્ણય લેવામાં આવ્યો છે કે શાળામાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ સેવા આપવાની અને આવા ગરીબ વિદ્યાર્થીઓને શાળા તરફથી વર્ષમાં બે વખત શાળાનો ડ્રેસ, બુટ, બેલ્ટ, નોટબુક, પુસ્તકો જેવી જરૂરિયાત



વસ્તુઓ શાળા તરફથી મફત આપવામાં આવે છે. જ્યારે કોઈ પણ વિદ્યાર્થીને અથવા તો શિક્ષકને તકલીફ હોય તો સ્પેશ્યલ પ્રમુખ સુચના પેટી રાખવામાં આવેલ છે. જે પ્રમુખની નિગરાનીમાં જ હોય અને પોલીસ તરફથી વિદ્યાર્થી તેમજ શિક્ષકોની તકલીફ હોય તો પોલીસ સુચન પેટી પણ રાખવામાં આવેલ છે. આ શાળા સીસીટીવી કેમેરાથી સજ્જ પ્રમુખ નજર હેઠળ છે.

આ ઘાંચી હાઈસ્કૂલમાં આ ગરીબ વિદ્યાર્થીઓની અંદર રહેલી શુષુપ્ત શક્તિઓને બહાર ઉજાગર કરવા માટે આજે શાળામાં ફૂડ ફેસ્ટીવલની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જે ફેસ્ટીવલ શાળાના પ્રમુખ રાજાબાબુના હાથે રીબીન કાપી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. અને સેક્રેટરી સમીરભાઈ પટેલ અને કારોબારી સભ્યો હાજર રહી આ બાળકોની કામગીરીને બિરદાવી હતી. આ શાળામાં આવો કાર્યક્રમ ૧૮ વર્ષ બાદ નવીન નિમાયેલ પ્રમુખે યોજ્યો હતો. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાહિર, મો. રિયાજ, આરીફે કર્યું હતું.

# હિંમતનગર તાલુકામાં ૨૮મા તબક્કાની ગ્રામસભાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૨૩

હિંમતતનગર તાલુકાની ૯૬ ગ્રામ પંચાયતોમાં તા. ૨૦મીથી ૩૧મી જાન્યુઆરી દરમ્યાન ૨૮માં તબક્કાની ગ્રામસભાઓ યોજવામાં આવનાર છે. જેમાં નાગરિક અધિકાર હેઠળના પ્રશ્નોનો નિકાલ કરાશે. હિંમતનગર તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા અમલીકરણ અધિકારી અમરતભાઈ ભાંભીએ જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે માટે સંબંધિત અધિકારીઓની ઉપસ્થિતિમાં તા. ૨૦ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન ૨૮મા તબક્કાની ગ્રામસભા યોજવામાં આવી રહી છે. હિંમતનગરના હાંસલપુર, આકોદરા, કરણપુર, હમીરગઢ, બાંખોર, ગાંભોઈ, આગિયોલ સહિતની ગ્રામ પંચાયતમાં ગ્રામસભા યોજવામાં આવી હતી. સ્થાનિક કર્મચારીઓની હાજરીમાં ગામમાં કરવામાં આવેલ વિકાસ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. ઉપરાંત ગામમાં કરવામાં આવેલ વિકાસકામોની સમીક્ષા કરવામાં આવી હતી.

નાગરિક અધિકાર હેઠળના પ્રશ્નો તથા તેના નિકાલ, સરકારના નવીન કાર્યક્રમો અંગે ઠરાવ કરવામાં આવશે. ગામમાં પાણી, પુરવઠા, પંચાયત, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, કાયદો સહિતના કાર્યક્રમની જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત સરકારના વિવિધ કાર્યક્રમોની જાણકારી આપવામાં આવશે. ગ્રામસભામાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહીને ગ્રામ્ય વિકાસના કામો અંગે જાગૃતતા દાખવે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. ૨૦થી ૩૧ જાન્યુ. સુધીમાં યોજાનાર ગ્રામસભાઓમાં ચાલુ નાણાંકીય વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવશે.



## ઈટાડી ગામે પોષી પૂનમમાં મા અંબાના પ્રાગટ્ય દિવસે આરાસુર માતાના દર્શનાર્થે ભક્તોનુ ઘોડાપુર : શામળાજી મંદિરે દર્શનાર્થીઓ ઉમટ્યા

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ઈટાડી ગામે આવેલ આદ્યશક્તિ મા આરાસુર મંદિર જે મીની અંબાજી તરીકે મા અંબાના ભક્તોમાં વિશિષ્ઠ મહત્વ ધરાવે છે. ઈટાડી ગામે પોષી પૂનમને લઈને અનેરો ભક્તિમય માહોલ સર્જાયો હતો. પોષી પૂનમ એટલે જગત જનની મા અંબાનો પ્રાગટ્ય દિવસે ઈટાડી ગામે જિલ્લાના ભાવિ ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યુ હતુ અને મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી માના ચરણોમાં શીશ ઝુકાવી સૃષ્ટિ અને સૌ જીવો પર પોતાની અમીકૃપા વરસાવી સૌના દુઃખો હરી લેવા પ્રાર્થના કરી હતી. ઈટાડી મા અંબાના મંદિરે શનિવારે વહેલી સવારથી જ દર્શનાર્થીઓમાં મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે શિયાળાની કડકડતી ઠંડીમાં પણ ભક્તો પોષી પૂનમે કાળીયાદેવના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. તદ્ઉપરાંત શિયાળાની ગાત્રો થીજવતી ઠંડીમાં મંદિરના પરિસરની આગળ ફેરીયાઓ દ્વારા ઠંડીથી રક્ષણ મેળવવા વેચાતા આયુર્વેદિક ઔષધી તરીકે જાણીતા દેશી આદુ, લીલી હળદરની ભારે માત્રામાં ખરીદી કરતા નજરે પડ્યા હતા.

# ખેડબ્રહ્મામાં મા ભગવતીનો પ્રાગટ્યોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્માના અંબાજીધામ નાના અંબાજી તરીકે જગ વિખ્યાત છે. પોષ માસની પૂનમ મા અંબાનો પ્રાગટ્ય દિવસ છે, ખેડબ્રહ્મા ખાતે પોષી પૂનમે મા અંબાનો પ્રાગટ્યોત્સવ ભારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. મંદિરને શણગારી મા અંબાની સન્મુખ વિવિધ વાનગીઓ સહીતનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો તેની સાથે નવચંડીયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મા અંબાના પ્રાગટ્ય દિવસે ખેડબ્રહ્મામાં મા અંબાના તથા અન્નકૂટના દર્શન કરવા માનવ કીડીયારૂ ઉભરાયું હતું.

પોષી પૂનમ એટલે જગતજનની મા અંબાનો પ્રાગટ્યોત્સવ ખેડબ્રહ્મા અંબિકા માતાજી ટ્રસ્ટ દ્વારા મંદિરને ફૂલો-આસોપાલવના તોરણ તથા લાઈટ ડેકોરેશનથી શણગારવામાં આવ્યું છે. મા અંબાના ચાચરચોકમાં વિશિષ્ટ નવચંડી યજ્ઞ શાસ્ત્રોક્ત વિધિ સાથે સંપન્ન કરવામાં આવ્યો હતો. જેનો ધર્મલાભ મંદિરના ટ્રસ્ટી બીપીનચંદ્ર શુકલે લીધો હતો. મા અંબાની સન્મુખ ટ્રસ્ટ દ્વારા વિવિધ વાનગીઓ-સુકામેવો તથા ફરસાણનો



અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મામાં મા અંબાના તથા અન્નકુટના દર્શન કરી શ્રદ્ધાના ડંકા વગાડી અસંખ્ય શ્રદ્ધાળુઓ એ ધન્યતા અનુભવી હતી. અંબિકા માતાજી મંદિર દ્વારા દર્શનાર્થીઓ માટે દર્શનની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. દર્શનાર્થીઓને મા ભગવતીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. હજારોની સંખ્યામાં વાહન તથા પગપાળા ઉમટી પડેલા માઈ ભક્તો માટે પોલીસ દ્વારા ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### પ્રાંતિજમાં પરિણીતાને ત્રાસ અપાતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૩

પ્રાંતિજના વ્હોરવાડમાં રહેતી એક મહિલાને એક વર્ષ અગાઉ ગામના જ પાંચ સાસરીયાઓ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપી દહેજની માગણી કરી જાનથી મારી નાખવાની ધમકી અપાતા આ પરિણીતાએ પાંચ જણા વિરૂદ્ધ ગુરૂવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ફરહીનબાનુ મોહંમદસાહીલ કેલાવાલાને મોહંમદસાલીમ અબ્દુલરજાક સાંઈ (પતિ), સાસુ સાહેદાબીબી, સસરા અબ્દુલરજાક સાંઈ, નણંદ રેશ્માબીબી, નણદોઈ હાસમભાઈ દ્વારા દહેજના મામલે સોનાનો સેટ લાવવા દબાણ કરી ફરહીનબાનુના પતિને ચઢામણી કરવામાં આવી હતી. જેથી પતિ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ અપાતા પરિણીતાએ ગુરૂવારે પાંચેય જણા વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### હિંમતનગર સિવિલમાં પોલીસ ચોકી શરૂ કરાશે

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે શુક્રવારે હિંમતનગરના ટાઉનહોલ ખાતે રેન્જ આઈજી તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ પોલીસ લોકદરબારમાં હિંમતનગર સિવિલમાં સત્વરે પોલીસ ચોકી શરૂ કરવાની રેન્જ આઈજી દ્વારા જાહેરાત કરાતા પોલીસ તંત્ર તથા નગરજનોમાં આનંદની લાગણી પ્રસરી છે. ઉપરાંત પ્રજાની સુખાકારી માટે પણ કેટલાક અન્ય નિર્ણય લેવાયા હતા.

આ અંગે જિલ્લા પોલીસવડા પ્રવિણ માલના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શુક્રવારે ટાઉનહોલ ખાતે રેન્જ આઈજી હસમુખભાઈ પટેલની ઉપસ્થિતિમાં પોલીસ લોકદરબારનું આયોજન કરાયું હતું. જેમાં સાબરકાંઠા જિલ્લામાં રોજબરોજ બનતી અકસ્માત, લૂંટ તથા હૂમલાના બનાવોમાં ઈજાનો ભોગ બનતા લોકોને સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાય છે. પરંતુ કાયદાકીય રીતે તે અંગે પોલીસને જાણકારી રાખવાની હોય છે. પરંતુ ક્યારેક પોલીસ અન્ય કામગીરીમાં વ્યસ્ત હોવાને કારણે ઝડથી સિવિલમાં આવી શકતી નથી. જેના કારણે ઈજાનો ભોગ બનનાર દર્દી તથા તેની સ્નેહીઓને મુશ્કેલી પડે છે.